# Zydus Cadilaની ત્રણ ડોઝવાળી વેક્સિનને મંજૂરી




**આ વેક્સીનનું નામ ZyCov-D છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડીયાની એક્સપર્ટ કમિટીએ શુક્રવારે આ વેક્સિનને ઇમરજન્સી યૂઝની મંજૂરી આપી છે : વેક્સિનને કેન્દ્ર સરકારે મંજૂરી આપી : અત્યારે દેશમાં કુલ ચાર વેક્સિનને પરવાનગી મળી છે**

નવી દિલ્હી, તા.૨૦

કોરોના મહામારી વિરૂદ્ધ દેશમાં ચાલી રહેલા વેક્સીનેશનમાં હવે વધુ એક વેક્સીનનું નામ ઉમેરાઇ ગયું છે. ફાર્મા ઝાયડસ કેડિલાની ૩ ડોઝવાળી કોરોના વેક્સીનને કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે. આ વેક્સીનનું નામ **ZyCov-D** છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડીયાની એક્સપર્ટ કમિટીએ શુક્રવારે આ વેક્સનીનને ઈમરજન્સી યૂઝની મંજૂરી આપી છે. કમિટીએ ફાર્મા કંપની પાસે આ વેક્સીનના ૨ ડોઝના પ્રભાવનો ડેટા પણ માંગ્યો છે. જેનેરિક દવા કંપની કેડિલા હેલ્થકેર લિમિડેડે ઢઅર્ઝફ-ઢ ના ઈમરજન્સી યૂઝની પરવાનગી માટે ગત ૧ જુલાઈના રોજ અરજી કરી હતી. આ અરજીને ૨૮ હજાર વોલંટિયર્સ પર કરવામાં આવેલા અંતિમ સ્ટેજના ટ્રાયલના આધાર પર કર્યું હતું. વેક્સીનનો એફિકેસી રેટ ૬૬.૬ ટકા સામે આવ્યો હતો. એ પણ કહેવામાં આવ્યું છે કે આ વેક્સીન ૧૨ થી ૧૮ વર્ષ માટે પણ સંપૂર્ણ સુરક્ષિત છે. જોકે અત્યાર સુધી તેના ટ્રાયલના ડેટા પર પીયર રિવ્યૂ કરવામાં આવ્યો નથી. જો ઈમરજન્સી યૂઝ બાદ આ વેક્સીન સંપૂર્ણ રીતે એપ્રૂવ થઈ જાય છે તો તે ભારતની બીજી સ્વદેશી વેક્સીન હશે. આ પહેલાં ભારત બાયોટેક અને આઈસીએમઆર સાથે મળીને પહેલી સ્વદેશી કોરોના વેક્સીન કોવેક્સીન બનાવી હતી. અત્યારે દેશમાં કુલ ૪ વેક્સીનને પરવાનગી મળી ગઈ છે. કોવિશીલ્ડ, કોવેક્સીન, સ્પૂતનિક, મોડર્ના. હવે ઝાયડસની વેક્સીનને મળાવીને આ સંખ્યા પાંચ થઈ જશે.

# આસ્થા-માનવતા આતંકથી કચડી શકાતી નથી : મોદી

**સોમનાથના વિવિધ પ્રોજેક્ટનું મોદીએ લોકાર્પણ-ખાતમહૂર્ત કર્યુ : પી.એમ. મોદીએ સોમનાથમાં સમુદ્ર વોક વે, જૂનું સોમનાથ મંદિર, સોમનાથના ખંડિત અવશેષોની પ્રદર્શનીનું લોકાર્પણ, પાર્વતિ મંદિરનો શિલાન્યાસ કર્યો**

સોમનાથ, તા.૨૦

શુક્રવારે પવિત્ર શ્રાવણ માસના પર્વ નિમિત્તે સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે મંદીર ખાતે યાત્રિ સુવિધાના પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી હાજરી આપી. પીએમ મોદીના હાથે વૉક-વેનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું. સોમનાથમાં યાત્રી સુવિધાના મહત્ત્વના પ્રોજેક્ટ નવનિર્મિત પરિસરનું લોકાર્પણ પીએમ નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું. તેમજ નૂતન પાર્વતી મંદિરના શિલાન્યાસ વિધિ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં દેશના પર્યટન મંત્રી, ટ્રસ્ટી લાલ કૃષ્ણ





અનેક વિધ પ્રોજેક્ટનું ઈ-લોકાર્પણ અને શિલાન્યાસ કર્યુ. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સોમનાથ ઉપસ્થિત રહ્યા. સમુદ્ર દર્શન પથ (પ્રોમોનેડ), સોમનાથ એક્ઝિબિશન ગેલેરી, માતોશ્રી અહલ્યાબાઈ નિર્મિત જૂના સોમનાથ મંદિર (૧૭૮૩) અડવાણી ઉપસ્થિત રહ્યા હતા.

ૅર મોદીએ આ પ્રસંગે કહ્યુ, આજે હું પવિત્ર ધામ સોમનાથમાં વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી જોડાઈ રહ્યો છું પરંતુ મનથી હું સોમનાથના સાનિધ્યમાં જ છું. આજે મને સમુદ્ર દર્શન તટ, સોમનાથ પ્રદર્શન ગેલેરી અને જિર્ણોદ્ધાર પછી નવા સ્વરૂપે જૂના સોમનાથના લોકાર્પણનું સૌભાગ્ય મળી રહ્યુ છે. આ સાથે આજે પાર્વતી માતા મંદિરનો શિલાન્યાસ પણ થઈ રહ્યો છે. આટલો પવિત્ર સંયોગ અને શ્રાવણનો મહિનો આ સોમનાથ દાદાના આશિર્વાદની સિદ્ધી છે. સાથીઓ સ્ટેચ્યૂ ઑફ યુનિટીથી લઈને કચ્છના કાયાકલ્પ સુધી પર્યટનથી જે આધુનિકતા બને છે તે ગુજરાતે જોયું છે.

આ દરેક કાળખંડની માંગ રહી છે કે પર્યટન ક્ષેત્રના વિકાસમાં નવી સંભાવનાઓ ચકાસે. જેમ કે સોમનાથમાં અત્યારસુધી દેશ-દુનિયાના શ્રદ્ધાળુઓ આવે છે. હવે શ્રદ્ધાળુઓ જૂના સોમનાથના દર્શન કરશે. પાર્વતી મંદિરનું દર્શન પણ કરશે. એટલું જ નહીં સમુદ્ર તટના નિર્માણથી મંદિરની સુરક્ષા પણ વધી ગઈ. આજે સોમનાથ ગેલેરીથી યુવાનોને આપણા ઈતિહાસ સાથે જોડશે. સોમનાથ સદીઓથી સદાશિવની ભૂમિ રહી છે. શિવ જ વિનાસમાં વિકાસ કરે છે. શિવ અવિનાશી છે. શિવ અવ્યક્ત છે. સોમનાથનું મંદિર આપણા આત્મવિશ્વાસનું પ્રેરણા સ્થળ છે.

પીએમ મોદીએ ઉમેર્યુ, વિશ્વમાં કોઈ પણ વ્યક્તિ આ જગ્યાને જુએ તો તેમને આ ફક્ત મંદિર જ નહીં દેખાય પરંતુ માનવતાના મુલ્યોની ઘોષણા કરવાની પ્રેરણા આપશે. હજારો વર્ષો પહેલાં આપણા ઋષિઓએ જેને જ્ઞાનનું ક્ષેત્ર દર્શાવ્યુ હતું તે આજે પણ કહે છે આસ્થાને આતંકથી કચડી શકાતું નથી.આ મંદિરને કેટલીયવાર તોડવામાં આવ્યું. આનું અસ્તિત્વ ભૂંસી નાખવાનો પ્રયાસ થયો.

## રવિવારે રક્ષાબંધન હોવાથી રસીનું કામકાજ બંધ રહેશે

**આરોગ્ય વિભાગની બહેનો રક્ષાબંધનનો તહેવાર ઉજવી શકે તે માટે નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે**

ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં કોરોના વેક્સિનેશન અંગે આરોગ્ય મંત્રી નીતિન પટેલે મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું કે, સમગ્ર ગુજરાતમાં આ રવિવારે કોઈને પણ કોરોનાની રસી આપવામાં નહીં આવે, કારણ કે રક્ષાબંધનનો તહેવાર છે. મીડિયા રિપોર્ટ મુજબ આરોગ્ય વિભાગની બહેનો પણ રક્ષાબંધનનો તહેવાર ઉજવી શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. રસીકરણની પ્રક્રિયા બંધ રહેવાથી આરોગ્ય વિભાગમાં કામ કરતી બહેનો પોતાના ભાઈઓને રાખડી બાંધી શકશે. રાજ્યમાં બુધવારે સાંજે ૫ વાગ્યાથી ગુરુવારે સાંજે ૫ વાગ્યા સુધીમાં ૩.૭૭ ડોઝ વેક્સીન અપાઈ હતી. જેમાં હેલ્થ અને ફ્રન્ટલાઈન વર્ક્સમાં ૧૫ જણાને પ્રથમ તતા ૪૬૭૮ જણાને બીજો, ૪૫ વર્ષથી ઉપરના ૭૨૬૯૨ને પ્રથમ અને ૮૭૧ને બીજો ડોઝ અપાયો હતો. આ ઉપરાંત ૧૮થી ૪૫ વર્ષ સુધીના લોકોમાં ૨.૧૨ લાખને પ્રથમ અને ૩૩૬૭૮ને બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. આ સાઝે રાજ્યમાં અત્યાર સુધીમાં ૪.૧૯ કરોડ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યના આરોગ્ય વિભાગના આંકડા મુજબ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૯ કેસ મળી આવ્યા છે. ટેસ્ટિંગની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૫૮ હજાર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. નવા નોંધાયેલા કેસોમાં સૌથી વધુ સુરત ૫, વડોદરા ૪, અમદાવાદ અને જુનાગઢમાં ૨-૨, ગાંધીનગર, ભાવનગર, જામનગર, ગીર, કચ્છ અને નવસારીમાં ૧૧-૧ કેસનો સમાવેશ થાય છે. આ સિવાય ૨૩ જિલ્લામાં નવો એક પણ કેસ નથી નોંધાયો જે સારી બાબત છે. ઘટતા જતા કેસ વચ્ચે રાજ્યમાં કોરોના માટે થતાં ટેસ્ટની સરેરાશ ૫૫થી ૬૦ હજાર વચ્ચે જળાયેલી છે.

# રોટરી ક્લબ ઓફ કેપિટલને બ્રહ્માકુમારીઝનું રક્ષાબંધન

ગાંધીનગર, તા. ૨૦

ભાઈ-બહેનના પ્રેમના પર્વ 'રક્ષાબંધન'ની ઉજવણી રોટરી ક્લબ ઓફ કેપિટલના સદસ્યો




અર્થે બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિદ્યાલય, સે. ૨૮ ખાતે ભવ્ય રીતે કરવામાં આવી હતી.

આ કાર્યક્રમની શરૂઆત બ્રહ્માબાબાને યાદ કરીને પ્રાર્થના થકી કરવામાં આવી હતી. ત્યારબાદ બીકે કૃપલ દીદી દ્વારા સૌ ઉપસ્થિત ભાઈ-બહેનોને આવકારીને બ્રહ્માકુમારીઝ સંસ્થા અને તેની પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. રોટરી ક્લબ ઓફ કેપિટલનો સંસ્થા પરિચય અને પ્રવૃત્તિનો ચિતાર અને આવકાર સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ દ્વારા કરવામાં આવી હતી.

બ્રહ્માકુમારી, ગાંધીનગરના સંચાલિકા રાજયોગિની આદરણીય બીકે કૈલાસ દીદીના પરીચય બાદ તેઓએ આશીર્વચનમાં બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા થતી સંસ્કાર ચિંચનની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. તેઓએ ઉપસ્થિત સૌને રાખડીના બદલામાં ભેટ તરીકે પોતાના જીવનમાંથી કોઈ એક દુર્ગુણને ભેટ આપવા માટે જણાવાયુ હતુ.

કૈલાસ દીદી દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલની પ્રવૃત્તિઓની નોંધ લઈને અભિનંદન આપેલ અને શિવબાબા વધુમાં વધુ સામાજીક કાર્યો કરવા શક્તિ આપે તેવા આશીર્વાદ આપ્યાં હતા. સંસ્થા દ્વારા બ્રહ્માકુમારીઝ બહેનો દ્વારા તિલક કરીને બીકે કૈલાસ દીદી દ્વારા ઉપસ્થિત સૌ સદસ્યોને રાખડી બાંધી આશીર્વાદની સાથે સાથે ભેટ-સોગાદ પણ આપવામાં આવી હતી.





કોરોનાએ તમામ તહેવારોની ઉજવણી ફિક્કી કરી દીધી છે. ઈમામ હસન-હુસેનની શહાદત નિમિત્તે યોજાતા મહોરમના તાજીયાનુ જુલુસ આ વખતે પણ મૌકુફ રખાયુ હતુ. ગાંધીનગરના મુસ્લિમ બાહુલ્ય વિસ્તારોમાં પ્રતિકાત્મક તાજીયા બનાવીને રખાયા હતા. જુલુસ યોજાયુ ન હતુ. શાંતિપૂર્ણ માહોલમાં મહોરમની ઉજવણી થઈ હતી.

## લેફ્ટનન્ટ ડૉ. પ્રતિભા વોરા ગ્વાલિયર ખાતે વિશેષ તાલીમ લેશે

ગાંધીનગર, તા. ૨૦

ભારત સરકારમાં જાહેર વહીવટમાં ગુડ ગર્વનન્સ માટે આઈએએસ ઓફિસર્સને



મસુરીમાં અને આઈપીએસ ઓફિસર્સને સબ ઓફ લો માટે હૈદ્રાબાદ ટ્રેનિંગ આપવામાં આવે છે. તેવી રીતે દેશમાં યુવા બહેનોને એનસીસીમાં જોડાઈ સમાજમાં સંસ્કારિતા, શિસ્ત, સ્વરક્ષણ અને સ્ત્રી સશક્તિકરણ કરાવવા માટે તેમને તાલીમ આપવા ડાયરેક્ટર જનરલ એનસીસી, ભારત સરકાર ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી ગ્વાલિયર ખાતે એનસીસીના ઓફિસર્સને આર્મી ઓફિસર દ્વારા ટ્રેનિંગ આપવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય દેશ અને રાજ્યમાં મહિલાઓનું ગૌરવ વધે તથા દિવ્ય અને ભવ્ય ભારતનું નિર્માણ થાય તેવો છે.

આ ટ્રેનિંગ માટે ગુજરાતમાંથી ચાર એનસીસી મહિલા ઓફિસરોની પસંદગી થયેલ છે. જેમાં સુરતમાંથી ૬ ગુજરાત ગર્લ્સ બીએન એનસીસીના ઓફિસર્સ લેફ્ટનન્ટ ડૉ. પ્રતિભા જે. વોરા કે જેઓ હાલ સાર્વજનિક યુનિવર્સિટીની શ્રીરામ કૃષ્ણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સિઝના કેમેસ્ટ્રી વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર છે. જે સુરત માટે ગૌરવની વાત છે. પ્રતિમા વોરા સુરતના પૂર્વ કલેક્ટર જે.બી. વોરાના પુત્રી છે. જેઓ ટ્રેનિંગ લઈ સુરતમાં સ્કૂલ-કોલેજની બહેનોને એનસીસીમાં જોડી સુસંસ્કારી સમાજ બનાવશે તેવી લેફ્ટનન્ટ ડૉ. પ્રતિભાબેન જે. વોરાનો શુભકામનાઓ આપી હતી.

### આઝાદીની લડત

● અનુસંધાન પહેલાનું ચાલુ

અફઘાનિસ્તાનના અલગ અલગ વિસ્તારોમાં થઈ રહેલાં વિરોધપ્રદર્શનની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થવા લાગ્યાં છે. ખાસ વાત એ છે કે તાલિબાન વિરુદ્ધ અવાજ ઉઠાવવામાં સૌથી આગળ અફઘાની મહિલાઓ છે, જેઓ તાલિબાન પાસે તેમની આઝાદીની માગણી કરી રહી છે. અફઘાનિસ્તાનમાં સ્વતંત્રતા દિવસે રેલીમાં રાષ્ટ્રીય ધ્વજ લહેરાવતા તાલિબાન લડાકુએ ભીડ પર ગોળીબાર કર્યા પછી ઘણા લોકોનાં મોત થયાં હતાં. ધી ગાર્ડિયન રિપોર્ટ પ્રમાણે, તાલિબાનોએ ગોળીબાર શરૂ કરતાં જ લોકો ડરી ગયા હતા અને દોડાદોડી શરૂ થઈ ગઈ હતી. આ જ પ્રમાણેના એક વિરોધપ્રદર્શન વિરુદ્ધ એક દિવસ પહેલાં જ તાલિબાનો તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં ત્રણ નાગરિકોનાં મોત થયાં છે. તાલિબાને ૧૫ ઓગસ્ટે કાબુલ પર કબજો કરી લીધો છે. ત્યાર પછી અસદાબાદ શહેરમાં એક મોટું વિરોધપ્રદર્શન જોવા મળ્યું હતું. એમાં તાલિબાનનો ઝંડો ફાડી દેવામાં આવ્યો હતો. એકવાર ફરી દેશની સત્તા પર કબજો કરનારા તાલિબાનો સામેનું પ્રથમ વિરોધપ્રદર્શન માનવામાં આવે છે. નોંધનીય છે કે તાલિબાનોએ પ્રથમ પ્રેસ-કોન્ફરન્સમાં વાયદો કર્યો હતો કે તેઓ લોકોને માફી આપશે અને કોઈને નુકસાન નહિ પહોંચાડે, પરંતુ હકીકત કંઈક અલગ જ છે. જુદા-જુદા વિસ્તારોમાં તાલિબાનો દ્વારા અત્યાચાર કરવામાં આવી રહ્યા છે. લોકોને તેમના ઘરમાં જઈને મારવામાં આવી રહ્યા છે. ઘણી જગ્યાએ ગોળીબાર થઈ રહ્યા છે. રસ્તા પર એક સ્થાનિક સાઈકલ પર અફઘાનિસ્તાનનો ઝંડો પહેરીને જતો હતો ત્યારે તાલિબાનોએ તેમની ગાડી રોકીને તે સાઈકલચાલકનો ઝંડો ઊતરાવી લીધો હતો અને તેને માર પણ માર્યો હતો.

### શિક્ષકોની ભરતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હલ થઈ ગયો છે. જયારે સંભવિત નવા મહેકમ મુજબ શિક્ષકોની ઘટનો આંકડો હજુ સ્પષ્ટ થયો નથી. માધ્યમિક વિભાગમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધઘટના આધારે શિક્ષકોની ઘટ સ્પષ્ટ થતી હોય છે. પરંતુ હાલ કોરોના કાળમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય નિયમિત અને અસરકારક રીતે થાય ત્યારબાદ વિવિધ વિષય શિક્ષકોની ઘટ અંગે પણ ચિત્ર સ્પષ્ટ થશે. માધ્યમિક વિભાગોમાં વિવિધ વિષય શિક્ષકોની ભરતીના અંતે હવે પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં પણ કાપ મુકાય તેવી સંભાવના છે.

### એપ્રોચ માર્ગને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અકસ્માતો પણ થાય છે. જયારે હવે સેકટરોના માર્ગોને પહોળા કરવાની સાથે વચાળે ડિવાઈડર અસ્તિત્વમાં આવતા માર્ગ સલામતીના પરિબળો મજબુત બનશે સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક બનાવવા માટે અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરાશે.

### સાહિત્ય વૃત્ત

● પાના ૪થાનું ચાલુ...

પજવે. સંવેદનશીલ માણસ પાછો જો કવિ હોય તો એ પોકારી જ ઉઠે કે,'એ સારું નહિ.' કિશોર બારોટની ઉક્ત ગઝલની છેલ્લી બે પંક્તિઓ વૃદ્ધોની વેદનાની વાત તાર સ્વરે કહે છે.વૃદ્ધને સૌથી વધુ જરૂર તેના અસ્તિત્વના સ્વીકારની હોય છે,ગમે એટલી સગવડ વચ્ચે વૃદ્ધને રાખો પણ તેની હયાતીને મહત્વ ન આપો તો કોઈ પણ સગવડ તેને કોરી ધાકોડ લાગે. અમદાવાદના એક સમૃદ્ધ માણસે પોતાના અતિશય વૃદ્ધ પિતા માટે પોતાના બંગલામાં ત્રીજો માળ બંધાવી આપેલો.નોકર,નર્સ તેમજ અન્ય તમામ ભૌતિક સુવિધા ઉપલબ્ધ કરાવેલી. છતાં એ વૃદ્ધ સુખી નહોતા. છેવટે, એ વૃદ્ધે પોતાના દીકરાને બંગલાના આઉટ હાઉસમાં પોતાને રાખવા આજીજી કરેલી. આ કિસ્સાની બાજુમાં આ ગઝલની છેલ્લી બે પંક્તિ મૂકીએ તો કવિની કલ્પના અને જીવનની વાસ્તવિકતા કેવી લગોલગ ચાલે છે તેનો અહેસાસ થાય. સુરેશ દલાલ કહેતા કે, 'કવિતા એ કવિની સંવેદનશીલતાના હસ્તાક્ષર છે.' કિશોર બારોટની આ કવિતા વાંચતા કવિની અઢળક સંવેદનશીલતા પ્રતિબિંબિત થતી હોય એવું લાગે છે. આપણે ત્યાં જે રોજ જીવાય છે એ અહીં દરેક ગઝલ પંક્તિમાં ઝીલાયું છે.કવિ સંસારના કિનારે ઉભા રહીને સંસારમાં બનતી ઘટનાઓને જુએ છે અને પછી સમાજમાં જીવાતા વર્તમાન જીવન વિશે પોતાનું નિદાન દર્શાવીને કહી દે છે કે, જીવાય છે એ સારું નથી જીવાતું.કવિ દીવાદાંડી જેવો છે. એ પોતાને સ્થળેથી ખસ્યા વગર પણ તમારી તરફ પ્રકાશ ફેંકીને તમને અકસ્માતની શક્યતા અંગે ચેતવે છે. ચેતવું કે નહિ એ સમજણનો વિષય છે,કમનસીબે સમાજમાં સમજદારોની બહુમતી હોતી નથી.

**ઇતિ સિદ્ધમઃ**

**'માણસની પીડાનું કારણ માણસ છે ખુદ,**
**સત્ય હવે સૌને સમજાશે એ નક્કી છે.'**

**- કવિ ડો.ઉર્વીશ વસાવડા**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ